પૂર્વછાયો- સુંદર સારી કથા કહું, ત્યાર પછીની જાણજ્યો જેહ ।
અતિ ચરિત્ર પવિત્ર છે, સહુ સુણજ્યો કરી સનેહ ॥૧॥
સતસંગી સ્વામીતણા, નિરમળ અતિ નરનાર ।
હરિ બેઠા સભા કરી, ત્યાગી સંત ગૃહી બ્રહ્મચાર ॥૨॥
મુખ આગે મુકુંદ આદિ, બેઠા બહુ બ્રહ્મચાર ।
ત્યારપછી મુક્તાનંદ આદિ, બેઠા સંત અપાર ॥૩॥
ત્યાર પછી મયારામ આદિ, બેઠા દ્વિજ સુજાણ ।
ત્યાર પછી મુળજી આદિ, બેઠા ક્ષત્રિ પ્રમાણ ॥૪॥

ચોપાઇ- બેઠા વૈશ્ય પર્વતાદિ જેહરે, શૂદ્ર કાળાનાઇ આદિ તેહ રે ।
બેઠા પુરુષ પુરુષમાં મળી રે, તે કેડ્યે બેઠી બાયું મંડળી રે ॥૫॥
દ્વિજ લાડકી આદિ જે બાઇ રે, બેઠી જેમ ન અડે કોઇ ભાઇ રે ।
બીજા આશ્રિત જન છે જેહ રે, બહુ મળી બેઠા સહુ તેહ રે ॥૬॥
સર્વે હાથ જોડી પાય નમે રે, અમારા ગુરુમૂર્તિ છો તમે રે ।
વળી સહજે આપો છો આનંદ રે, માટે સત્ય નામ સહજાનંદ રે ॥૭॥
સદ્‌ગુણે શોભાનું છો ધામ રે, વળી તમે છો સ્વામીને ઠામ રે ।
માટે અમને જાણી તમારાં રે, કહેજ્યો શિખનાં વચન સારાં રે ॥૮॥
પ્રભુ તમારી આજ્ઞાને વિષે રે, રહેશું શ્રદ્ધા સહિત હમેશ રે ।
માટે કહેવાનું ઘટે તેમ કહેજ્યો રે, સારી સુખની શિખામણ્ય દેજ્યો રે ॥૯
એમ સહુ મળી કહે જન રે, તેનાં સાંભળ્યાં નાથે વચન રે ।
પછી બોલ્યા નારાયણમુનિ રે, શિખામણ હિતકારી સહુની રે ॥૧૦॥
કહ્યું ધર્મશાસ્ત્રને વચને રે, ધર્મમાંહિ રાખવા જનને રે ।
કહે નર દેવને પિતર રે, શેષ શશિ સુર ને ઇતર રે ॥૧૧॥
જે જે પામ્યા સુખ ને મોટાઇ રે, તેતો રહેતા થકા ધર્મમાંઇ રે ।
કહ્યું છે શ્રુતિ સ્મૃતિમાં એમ રે, સત્ય ધર્મને મુકાય કેમ રે ॥૧૨॥
તેતો મોટા પુરુષને મળે રે, ત્યારે સહુસહુના ધર્મ પળે રે ।
તે વાસુદેવમાહાત્મ્ય માંઇ રે, કહ્યા છે સહુના ધર્મ ત્યાંઇ રે ॥૧૩॥
એમ ઉદ્ધવસ્વામીએ કહ્યું છે રે, તે સર્વે મારે હૈયે રહ્યું છે રે ।
માટે ધર્મને સહુ અનુસરો રે, ભાવે કૃષ્ણની ભગતિ કરો રે ॥૧૪॥
પાળો એટલી આગન્યા મારી રે, જેણે સુખી થાઓ નરનારી રે ।
એહ શિખામણનાં વચન રે, સર્વે હૃદયમાં ધારજ્યો જન રે ॥૧૫॥
વળી પ્રાકૃત જીવની રીતે રે, શોક સ્વામીનો મ કરો ચિત્તે રે ।
એવું અખંડરૂપ અવિનાશ રે, તેતો કેદિયે ન થાય નાશ રે ॥૧૬॥
થાય પ્રકટ ભૂમિયે મહારાજ રે, તેતો જીવોના કલ્યાણ કાજ રે ।
એનું ઉદ્‌ભવને અંતર્ધાન રે, તેતો સ્વતંત્રપણે નિદાન રે ॥૧૭॥
પણ કાળ કરમને વશ રે, નોય જીવો પેર્યે પરવશ રે ।

એમ સમઝે છે દૈવી જન રે, આસુરી મોહ પામે છે મન રે ॥૧૮॥
માટે શોકને સર્વે તજો રે, પ્રત્યક્ષ પરમેશ્વરને ભજો રે ।
માની મનમાં ઉપદેશ રે, હવે જાઓ સહુ દેશ પ્રદેશ રે ॥૧૯॥
હું પણ જાઉંછું પુર ધોરાજી રે, તમે રહેજ્યો સહુ જન રાજી રે ।
કહું સાંભળજ્યો સહુ જન રે, એમ બોલ્યા પ્રભુજી વચન રે ॥૨૦॥
સુણી શોક તજ્યો સહુજન રે, જાણ્યા પ્રભુજીને ગુરુ મન રે ।
પછી ગયાં ઘેરે નરનારી રે, હૃદે હરિની મૂરતિ ધારી રે ॥૨૧॥
હરિ નિજગુરુને વિરહે રે, ચિત્તે ક્ષોભ ને દુઃખી છે દેહે રે ।
પણ અંતર દર્શન કરી રે, ધારી રહ્યા છે ધીરજ હરિ રે ॥૨૨॥
પોતે હર્યો તે સર્વનો શોક રે, માટે હરિનામ કહે લોક રે ।
પછી બહુ સંત લઈ સાથ રે, ત્યાંથી ચાલ્યા નીલકંઠ નાથ રે ॥૨૩॥
ધર્મ પ્રવર્તાવામાં છે ચિત્ત રે, આવ્યા ધોરાજી સંત સહિત રે ।
તિયાં અતિ હેતે કરી જન રે, કર્યું પ્રભુજીનું તે પૂજન રે ॥૨૪॥
દઈ દર્શન આવ્યા ભાડેર રે, નિજજન પર કરી મેર રે ।
ત્યાંથી માણાવદ્ર ગયા નાથ રે, નીરખી જન થયા છે સનાથ રે ॥૨૫॥
ત્યાંથી પિપલાણામાં પધાર્યા રે, જનને મન મોદ વધાર્યા રે ।
ત્યાંથી આવ્યા ગામ અગત્રાઈ રે, જીયાં ભક્ત છે પર્વતભાઈ રે ॥૨૬॥
ત્યાંથી આવ્યા ગામ કાલવાણી રે, નિજદાસ પર દયા આણી રે ।
કિયાં એક દિન કિયાં દોય રે, કિયાં ત્રણ દિન રહ્યા સોય રે ॥૨૭॥
સહુને જ્ઞાન આપી સમજાવ્યા રે, પોતપોતાને ધર્મે રખાવ્યા રે ।
પોતે ગુરુની આગન્યા માની રે, બેઠા વાહન પર સુખદાની રે ॥૨૮॥
ભારેભારે વસ્ત્ર ને ભૂષણ રે, પહેર્યાં જનહિતે તે જીવન રે ।
સ્ત્રિયોને ધર્મમાં રખાવા રે, બોલ્યા તેશું તેને સુખ થાવા રે ॥૨૯॥
કર્યું મોટી ઉપાધિનું ગ્રહણ રે, પણ રતિ નથી અંતઃકરણ રે ।
કોઈ સમે ને કોઈ ઠેકાણે રે, નથી આસક્ત સૌ જન જાણે રે ॥૩૦॥
સર્વે ધર્મને સ્થાપવા કાજ રે, ગયા માંગરોળે મહારાજ રે ।
શહેર બાર છે સુંદર વટ રે, શોભે સિંધુતીરે ત્યાં નિકટ રે ॥૩૧॥

કર્યું એકાંતે વડે આસન રે, તિયાં આવ્યા છે જિજ્ઞાસુ જન રે ।
કરી દર્શન પામ્યા આનંદ રે, વાધ્યો હર્ષ જોઈ જગવંદ રે ॥૩૨॥
તિયાં સંત વસે છે સમોહ રે, જેને કામ ક્રોધ નહિ મોહ રે ।
વ્યાપકાનંદ સ્વરૂપાનંદ રે, એહાદિ નિરખી પામ્યા આનંદ રે ॥૩૩॥
ગોવર્ધન દામોદર જેહ રે, રામચંદ્ર સુરચંદ તેહ રે ।
રતનજી આદ્યે એ વણિક રે, ક્ષત્રિ મંછારામ ભક્ત એક રે ॥૩૪॥
ધનજી માધો આણંદભાઈ રે, ત્રિકમ ને રાજુ ભાણબાઈ રે ।
એહાદિ લઈ શૂદ્ર અપાર રે, સહુ આવી બેઠાં નરનાર રે ॥૩૫॥
કરે સેવા પુછે સમાચાર રે, ભલે પધાર્યા પ્રાણઆધાર રે ।
તેહ પ્રત્યે હરિ ધિરા રહી રે, જેમ છે તેમ વારતા કહી રે ॥૩૬॥
કહ્યું સ્વામી રામાનંદ જેહ રે, ગયા સ્વધામમાં તજી દેહ રે ।
સુણી સર્વે શોકાતુર થયા રે, સ્વામી આપણને છળી ગયા રે ॥૩૭॥
ત્યારે હરિ કહે સંત સુજાણ રે, પ્રભુ રહ્યા છે પ્રકટ પ્રમાણ રે ।
બહુ સમર્થ છે બાળ નાના રે, સહુ જાણશે નહિ રહે છાના રે ॥૩૮॥
એમ કહીને ધીરજ આપી રે, શોક સ્વામીની કોરનો કાપી રે ।
પછી વાવ્ય તિયાં એક હતી રે, જેનું સ્વાદુ જળ મીઠું અતિ રે ॥૩૯॥
તેતો કાળે કરી બુરાણિ રે, નાવે કામે તે કોઈને પાણી રે ।
તેતો ગળાવી આપે મહારાજે રે, સહુને જળ પિવાને કાજે રે ॥૪૦॥
કાઢ્યો ગાળ ને જળ નિસર્યું રે, પછી કર્યું એ વાવ્યનું ભર્યું રે ।
કર્યો મોટો ઉત્સવ તે દિન રે, તેડ્યા બ્રાહ્મણ કરવા ભોજન રે ॥૪૧॥
થોડો ઘણો લીધો સરાજામ રે, આદર્યું તેપર મોટું કામ રે ।
દ્વિજ શહેરના સર્વે નોતર્યા રે, તેણે મનમાન્યા મોદક કર્યા રે ॥૪૨॥
તીર્થવાસીને કાજે તૈયાર રે, કર્યો શિરો પુરી ને કંસાર રે ।
સતસંગીને કહ્યું વચન રે, જમો આજ ઉત્સવનું અન્ન રે ॥૪૩॥
કહે કવિશ્વાસી કેમ થાશે રે, સિધું ખુટશે ને લાજ જાશે રે ।
પણ ન ખુટ્યું સીધું ને લોટ રે, નાવી દાળ મશાલાની ખોટ્ય રે ॥૪૪॥
જમ્યા દ્વિજ હજારો હજાર રે, બીજા સત્સંગી જમ્યા અપાર રે ।

રૂડી રીત્યે શું કર્યો સમૈયો રે, તેતો મુખે કેમ જાય કેયો રે ॥૪૫॥
દેવતાની તૃપ્તિને કાજે રે, કરાવ્યો હવન મહારાજે રે ।
કરતાં પૂજન દેવતાતણું રે, દીઠું જને ત્યાં આશ્ચર્ય ઘણું રે ॥૪૬॥
સતસંગી સાધુ સહુ કોઇ રે, સહુ રહ્યાતા હરિને જોઇ રે ।
ત્યાં તો થયું અલૌકિક દર્શન રે, જોઇ મગન થયાં સહુ જન રે ॥૪૭॥
દીઠાં ચાર આયુધ ચારે હાથે રે, સારો મુગટ ધર્યો છે માથે રે ।
પહેર્યાં પીતાંબર હેમરૂપ રે, ઘનશ્યામ મૂર્તિ અનૂપ રે ॥૪૮॥
શ્રીવત્સ ચિહ્ન શોભે છે ઘણું રે, એવું દર્શન થયું હરિતણું રે ।
તેને ડાબે પડખે દયાળ રે, દિઠી શ્વેત મૂરતિ વિશાળ રે ॥૪૯॥
ચાર મુખ ને અષ્ટ છે દ્રગ રે, ચાર હાથ ને ચાર છે પગ રે ।
જોડિ રહ્યા જુગ કર આગે રે, ગ્રહિ એકે પૂજા અનુરાગે રે ॥૫૦॥
એક હાથમાં છે ધર્મશાસ્ત્ર રે, શ્વેતાંબરે શોભે છે સુંદર રે ।
અંગોઅંગ શોભે અલંકાર રે, રત્નજડિત મુકુટ સાર રે ॥૫૧॥
અતિશાંત એવા ધર્મ ભાળી રે, જોયું જમણીકોરે નિહાળી રે ।
દિઠાં દ્વિભુજવાળાં ભગતિ રે, વસ્ત્ર ઘરેણે શોભે છે અતિ રે ॥૫૨॥
ગૌરતન કનક કર થાળી રે, પૂજાવિધિ લીધી છે તે ભાળી રે ।
એવા વિષ્ણુ ભક્તિ ધર્મ જોઇ રે, પામ્યાં વિસ્મય જન સહુ કોઇ રે ॥૫૩॥
કહે મનુષ્યાકારે આ મુરાર રે, એવું દિઠું છે મુહૂર્ત વાર રે ।
પછી પૂજાવિધિ પુરો થિયો રે, સર્વે જન મન મોદ આવિયો રે ॥૫૪॥
પછી વેદવિત્ જે બ્રહ્મન્ રે, બીજાં મળ્યાં હતાં બહુ જન રે ।
કરી નિશ્ચય તે થયા આશ્રિત રે, રહ્યાં વચનમાં કરી પ્રીત્ય રે ॥૫૫॥
મેલી બીજા દેવની ઉપાસ રે, થયા શ્રીકૃષ્ણદેવના દાસ રે ।
એમ નિજ ઐશ્વર્ય અનૂપ રે, દેખાડ્યું એ પ્રકારનું રૂપ રે ॥૫૬॥
જોઇ બ્રાહ્મણને બીજાં જન રે, દૃઢ નિશ્ચય કરી લીધું મન રે ।
એહ દેખાડ્યો પ્રૌઢ પ્રતાપ રે, જોઇ જન મગન થયાં આપ રે ॥૫૭॥
ઋતુ વસંત સમાને વિષે રે, કર્યું ચરિત્ર એ જગદીશે રે ।
એહ ચરિત્ર શ્રીહરિતણું રે, કહ્યું થોડું ને રહ્યું છે ઘણું રે ॥૫૮॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રી માંગરોળે
મહારાજેઉત્સવ કર્યો એ નામે અડતાલીસમું પ્રકરણમ્ ॥૪૮॥